દિવ્ય ભાસ્કર ફ્રન્ટ પેજ.૦૨ તા. ૧૫.૦૯.૨૦૨૪

### દર 55 મિનિટે મેટ્રો મળશે, પેસેન્જરો વધતા સમયમાં ઘટાડો કરાશે

# સોમવારથી લોકો માટે મોટેરાથી ગાંધીનગરની મેટ્રો સેવા શરૂ થશે




બીજા ફેઝ માટેની મેટ્રો સેવાને વડાપ્રધાન મોદી લીલીઝંડી આપશે તથા તેઓ ટૂંકો પ્રવાસ પણ કરશે.

## સ્ટેશનના પહેલા માળે કોન્કોર્સ એરિયામાં ટિકિટ બુકિંગ ઓફિસ, ટોયલેટ, કંટ્રોલરૂમ, બીજા માળે પ્લેટફોર્મથી મેટ્રો મળશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

મોટેરાથી ગાંધીનગર સેક્ટર-1 સુધી મેટ્રો ફેઝ-2નું 16મીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે 20.8 કિલોમીટર લંબાઈના કોરિડોરની સાથે 8 સ્ટેશનોનું લોકાર્પણ થશે. આ 20.8 કિમી લાંબા પ્રોજેક્ટની કિંમત 3284 કરોડ રૂપિયા જેટલી થાય છે. જેમાં મોટેરાથી સેક્ટર-1 તેમજ જીએનએલયુથી ગિફ્ટ સિટીનો રૂટ સામેલ છે. ...અનુસંધાન પાના નં. 16

### મેટ્રો સ્ટેશનની વિશેષતા

- સ્ટેશન પર રેમ્પ, લિફ્ટ, દિવ્યાંગો માટે વિશેષ વ્યવસ્થા
- દરેક સ્ટેશનની લંબાઈ 140 મીટર, પહોળાઈ - 20.5 મીટર, ઉંચાઈ 20થી 25 મીટર તેમજ સ્ટેશન બિલ્ટઅપ એરિયા 5340 ચોરસ મીટર છે.
- દરેક સ્ટેશનની બન્ને બાજુએ એન્ટ્રી અને એક્ઝિટ ગેટની સાથે 4 લિફ્ટ અને 4 એસ્કેલેટરની સુવિધા.
- સ્ટેશનના પહેલા માળે કોન્કોર્સ એરિયામાં ટિકિટ બુકિંગ ઓફિસ, ટોયલેટ, પાણી, કંટ્રોલરૂમ તેમજ બીજા માળે પ્લેટફોર્મથી મેટ્રો મળશે.
- દરેક સ્ટેશન પર પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ, પેસેન્જર ઈન્ફર્મેશન સિસ્ટમની સુવિધા.